શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
વર્ષ ૨૦૨૬ મા નવી સુવિધાઓ
ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટ
(પેટ – આંતરડા – લીવરના રોગની અદ્યતન સારવાર)
ઉપલબ્ધ ડૉક્ટર્સની ટીમ (ઓ.પી.ડી... મંગળવાર – સાંજે ૩ થી ૪)
- ડાં. ધ્રુવિન શાહ - M.D.Medicine (Gold Medalist), DNB (Gastroenterologist)
- ડાં. ભાવિન પટેલ - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડાં. પ્રશાંત ડોબરીયા - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડાં. નિલેશ ગોધાણી - M.D.Medicine, DNB (Gastroenterologist)
ઓ.પી.ડી... સોમવાર, બુધવાર, શુક્રવાર – સાંજે ૩ થી ૪
- ડાં. જય ચોકસી - M.S., General Surgery - FMAS, DNB Surgical Gastroenterologist
હિમેટોલોજીસ્ટ ડિપાર્ટમેન્ટ
લોહી-રક્ત (બ્લડ)ને સંબંધિત રોગો તેમજ બ્લડને સંબંધિત કેન્સરના રોગ માટેના તજજ્ઞ હિમેટોલોજીસ્ટ તબીબની ઓ. પી. ડી. .... સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬
- ડાં. ચિરાગ ત્રિવેદી - M.D., DM in Clinical Haematology

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
સુરત ૧૦૫, દેવાશીષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, SVNIT સામે, ઈચ્છાનાથ, સુરત-૩૯૫૦૦૭. Mo : 75748 61851
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/3/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ પાંચમ રવિવાર ૮ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૪ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# અમદાવાદમાં આજે 'મહાયુદ્ધ'

**ભારત** અને કિવિઝ વચ્ચે ખિતાબી જંગ

**સૂર્યાની** સેના પાસે ટી-20 વર્લ્ડકપ ટાઇટલ જાળવી રાખવાની અને ત્રણ વાર આ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતનારી પ્રથમ ટીમ બનવાની સુવર્ણ તક



## 'સૂર્ય' નમસ્કાર: હવે ટ્રોફી પર નજર !

અમદાવાદ, તા. 7 (પીટીઆઈ): બેહદ પ્રતિભાશાળી અને સાતત્યપૂર્ણ પ્રદર્શન કરી રહેલી ભારતીય ટીમ રવિવારે અહીં રમાનારી ટી-20 વર્લ્ડકપની ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે મેદાનમાં ઉતરશે. ભલે સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની આ ટીમનું પલડું ભારે માનવામાં આવી રહ્યું છે, પરંતુ ખેલાડીઓ પર ઈતિહાસ રચવાની અપેક્ષાઓનો ભારે બોજ હશે.

દુનિયાના સૌથી મોટા સ્ટેડિયમોમાંના એક એવા અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતને 19 નવેમ્બર 2023ના રોજ મોટો આંચકો લાગ્યો હતો, જ્યારે ટીમ ઓસ્ટ્રેલિયા સામે વનડે વર્લ્ડકપની ફાઈનલ હારી ગઈ હતી. તે સમયે સમગ્ર ભારતે ડ્રેસિંગ રૂમની સીડીઓ ચડતા રોહિત શર્માની ભીની આંખો જોઈ હતી. જોકે, ભારતે 2024માં ટી-20 વર્લ્ડ કપ જીતીને તે જખમ પર મલમ લગાવવાનું કામ કર્યું હતું. હવે સૂર્યાની સેના પાસે આ ટાઇટલ જાળવી રાખવાની અને ત્રણ વાર આ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતનારી પ્રથમ ટીમ બનવાની સુવર્ણ તક છે.

એક કુશળ બેટ્સમેન અને ચતુર કેપ્ટન સૂર્યકુમાર યાદવ માત્ર કેપ્ટન તરીકે પોતાની વિરાસત બનાવવા જ નહીં, પણ 19 નવેમ્બર 2023ની એ પીડાને પણ હંમેશ માટે ખતમ કરવા ઈચ્છશે. સૂર્યા અને તેની ટીમ બરાબર 364 દિવસ પહેલા 9 માર્ચ, 2025ના રોજ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ન્યુઝીલેન્ડ સામે મેળવેલી શાનદાર જીતથી પ્રેરણા લેવાનો પ્રયાસ કરશે.

ફાઈનલ જીતવા માટે સાહસની સાથે નસીબનો સાથ પણ જરૂરી છે. રમત સંપૂર્ણ 'પરફેક્ટ' હોય તે જરૂરી નથી, પણ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાવા જોઈએ. સેમીફાઈનલમાં જ્યારે હેરી બ્રુકે સંજુ સેમસનનો કેચ છોડ્યો ત્યારે જ ભારતની જીત લગભગ નક્કી થઈ ગઈ હતી. રવિવારે પણ ભારત ન્યુઝીલેન્ડની આવી કોઈપણ ભૂલનો પૂરો ફાયદો ઉઠાવવા માટે તૈયાર રહેશે.ન્યુઝીલેન્ડનો પડકાર પણ ઓછો નહીં હોય. ફિન એલન, લોકી ફર્ગ્યુસન કે મેટ હેનરી જેવા ખેલાડીઓ પોતાની ક્ષમતા કરતા વધુ સારું પ્રદર્શન કરવા માટે જાણીતા છે. મિચેલ સેન્ટનર અને ગ્લેન ફિલિપ્સ જાણે છે કે મજબૂત ટીમ સામે કેવી રીતે ટક્કર આપવી. પરંતુ ન્યુઝીલેન્ડ માટે સૌથી મોટો ખતરો 'અમદાવાદનો સરદાર' સાબિત થશે, અને એ નામ છે જસપ્રીત બુમરાહ.

### ભારત વિ. ન્યુઝીલેન્ડ: ICC ફાઈનલના આંકડા

અત્યાર સુધી બંને ટીમો ICC ઇવેન્ટ્સની ફાઈનલમાં 3 વખત ટકરાઈ છે:

| વર્ષ | ટુર્નામેન્ટ | વિજેતા | નોંધ |
|---|---|---|---|
| 2000 | ICC નોકઆઉટ (ચેમ્પિયન્સ ટ્રોફી) | ન્યુઝીલેન્ડ | ન્યુઝીલેન્ડ 4 વિકેટે જીત્યું હતું. ભારત તરફથી સૌરવ ગાંગુલીએ સદી ફટકારી હતી. |
| 2021 | વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ | ન્યુઝીલેન્ડ | સાઉથમ્પ્ટનમાં રમાયેલી ફાઈનલમાં ન્યુઝીલેન્ડ 8 વિકેટે જીત્યું હતું. |
| 2025 | ICC ચેમ્પિયન્સ ટ્રોફી | ભારત | ભારતે ન્યુઝીલેન્ડને હરાવીને 2021 અને 2000ની હારનો બદલો લીધો અને ટ્રોફી જીતી. |

### ભારત વિ. ન્યુઝીલેન્ડ T20

| વિગત | ભારત | ન્યુઝીલેન્ડ |
|---|---|---|
| કુલ રમાયેલી મેચો | 30 | 30 |
| જીત | 18 | 11 |
| હાર | 11 | 18 |
| ટાઈ | 1 | 1 |
| ઘરેલું મેદાન પર જીત | 11 | 4 |
| વિદેશી મેદાન પર જીત | 7 | 5 |
| તટસ્થ મેદાન પર જીત | 0 | 2 |

### ભારત વિ. ન્યુઝીલેન્ડ: T20 વર્લ્ડ કપમાં

| વિગત | ભારત | ન્યુઝીલેન્ડ |
|---|---|---|
| કુલ મેચો | 3 | 3 |
| જીત | 0 | 3 |
| હાર | 3 | 0 |
| ટાઈ / અનિર્ણિત | 0 | 0 |
| સૌથી વધુ સ્કોર | 180 | 190 |
| સૌથી ઓછો સ્કોર | 79 | 111 |

## હોર્મુઝની સામુદ્રધુનિનો માર્ગ ફરી ખુલવાના સંકેત

નવી દિલ્હી, તા. ૭: સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનના પ્રમુખ દ્વારા આપવામાં આવેલું નિવેદન – કે જ્યાં સુધી ઈરાન પર હુમલો કરવામાં ન આવે ત્યાં સુધી તે પડોશી દેશો સામેના હુમલાઓ સ્થગિત રાખશે – તેને દરિયાઈ વેપાર માટે એક સકારાત્મક સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ટિપ્પણીઓ સૂચવે છે કે હોર્મુઝની સામુદ્રધુની આસપાસ માલસામાનની અવરજવર ફરી શરૂ થઈ શકે છે, જેનાથી વૈશ્વિક તેલના પ્રવાહ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા શિપિંગ રૂટ પરનું દબાણ ઓછું થશે. તાજેતરમાં LPGના ભાવમાં થયેલા વધારા અંગેની ચિંતાઓનો જવાબ આપતા સરકારી સૂત્રોએ જણાવ્યું કે, ભારત હજુ પણ વિશ્વના અન્ય દેશોની સરખામણીએ સૌથી ઓછા ભાવે ગ્રાહકોને ઉર્જા પૂરી પાડી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે હોર્મુઝની સામુદ્રધુનિ એ વિશ્વભરના ખનિજ તેલ પુરવઠા માટે ઘણો મહત્વનો માર્ગ છે. દુનિયાભરના ખનિજ તેલના પુરવઠાનો એક મોટો હિસ્સો આ માર્ગેથી પસાર થાય છે. હાલના યુદ્ધના સંજોગોમાં ઈરાને આ માર્ગે પર હુમલાઓ કરવા માંડતા આ જળમાર્ગ લગભગ બંધ થઈ ગયો છે. જો કે ઈરાને કરેલા હાલના નિવેદન પછી આ માર્ગ ફરીથી ખુલવાના સંકેતો મળ્યા છે.

## સુંદર પિચાઈનું પેકેજ હવે રૂ. 63,617 કરોડે

**જો કે આનો** મોટો ભાગ કંપનીના શેરોના સ્વરૂપમાં હશે અને આ પેકેજ 3 વર્ષનું

**ગૂગલના** આ વડાને હાલમાં વાર્ષિક ૨૦ લાખ ડોલર પગાર મળે છે

**વિશ્વના** સૌથી મોંઘા CEO બન્યા





વૉશિંગ્ટન, તા. ૭: ફાઈનાન્શિયલ ટાઈમ્સના શનિવારના અહેવાલ મુજબ, આલ્ફાબેટની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ગૂગલે તેના સીઈઓ સુંદર પિચાઈનું આગામી ત્રણ વર્ષ માટેનું કુલ સંભવિત વળતર વધારીને 692 મિલિયન ડોલર (આશરે રૂ. 63,61,79,82,000) કર્યું છે, જે તેમને વૈશ્વિક સ્તરે સૌથી વધુ પગાર મેળવતા એક્ઝિક્યુટિવ્સમાંના એક બનાવે છે.

આ પેકેજનો મોટો હિસ્સો પર્ફોર્મન્સ સ્ટોક યુનિટ્સ (PSUs)માંથી આવે છે જેનું મૂલ્ય 126 મિલિયન ડોલર છે અને તેને બે સરખા હિસ્સામાં વહેંચવામાં આવ્યું છે. આ PSUs એસ એન્ડ પી 100 (S|P 100) ની સંદર્ભમાં આલ્ફાબેટના કુલ શેરધારકના વળતર સાથે જોડાયેલા છે. જો તે પર્ફોમન્સના લક્ષ્યાંકો વટાવી દે તો આ રકમ બમણી થઈને 252 મિલિયન ડોલર થઈ શકે છે, અથવા જો બેન્ચમાર્ક ચૂકી જાય તો કંઈ પણ

...અનુસંધાન પાના 11 પર

| વિગત | મૂલ્ય (ડોલરમાં) | અંદાજિત મૂલ્ય (રૂપિયામાં) |
|---|---|---|
| કુલ સંભવિત પેકેજ | $692 મિલિયન | રૂ.63,617 કરોડ |
| વાર્ષિક પગાર | $2 મિલિયન | રૂ.18 કરોડથી વધુ |
| પર્ફોર્મન્સ સ્ટોક | $126 - $252 મિલિયન | રૂ.11,000 - રૂ.23,000 કરોડ |
| રિસ્ટ્રિક્ટેડ સ્ટોક | $84 મિલિયન | રૂ.7,700 કરોડથી વધુ |
| વેમો સ્ટોક | $130 મિલિયન | રૂ.11,900 કરોડ |
| વિંગ એવિએશન શેર | $45 મિલિયન | રૂ.4,100 કરોડ |

પશ્ચિમ બંગાળ સરકાર અને કેન્દ્ર સામસામે

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અવગણના પર વિવાદ

**સંથાલ** આદિવાસી કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા મુર્મુનું સ્વાગત કરવા એરપોર્ટ પર મમતા સહિત કોઇ મોટા નેતા હાજર નહીં

**કાર્યક્રમનું** અગાઉથી નક્કી થયેલ સ્થળ પણ બદલી નાખવા બદલ રાષ્ટ્રપતિએ નારાજગી વ્યક્ત કરી



સિલિગુડી, તા. ૭: પશ્ચિમ બંગાળમાં સંથાલ આદિવાસીઓના એક કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુને એરપોર્ટ પર આવકારવા મુખ્યમંત્રી કે અન્ય કોઈ ઉચ્ચ પદાધિકારીઓ નહીં જતા અને આ કાર્યક્રમનું સ્થળ પણ બદલી નાખવામાં આવતા મુર્મુએ આ બાબતે અસંતોષ વ્યક્ત કર્યા બાદ પશ્ચિમ બંગાળ અને કેન્દ્ર સરકાર વચ્ચે વિવાદ સર્જાયો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શનિવારે બાગડોગરા એરપોર્ટ પાસે આયોજિત આદિવાસી સમુદાયના એક કાર્યક્રમમાં પાંખી હાજરી અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે કાર્યક્રમનું સ્થળ બિધાનનગરથી બદલવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા અને તેમની મુલાકાત દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તેમના મંત્રીઓની ગેરહાજરીની પણ નોંધ લીધી હતી. તેમણે સભાને સંબોધતા કહ્યું કે, સામાન્ય રીતે જ્યારે રાષ્ટ્રપતિ આવતા હોય ત્યારે મુખ્યમંત્રીએ સ્વાગત કરવું જોઈએ અને અન્ય મંત્રીઓ પણ હાજર રહેવા જોઈએ. પરંતુ તેઓ આવ્યા નથી. રાજ્યપાલ બદલાયા છે એટલે તેઓ આવી શક્યા નથી. પરંતુ તારીખ નક્કી થઇ ગઇ હતી, તેથી હું આવી છું. પણ ઠીક છે. અહીં આવવા બદલ હું તમારો આભાર માનું છું. મુર્મુએ વધુમાં જણાવ્યું કે, "જો કાર્યક્રમ ત્યાં (બિધાનનગર) યોજાયો હોત તો વધુ સારું હોત. ત્યાં પૂરતી જગ્યા છે અને ઘણા લોકો હાજરી આપી શક્યા

...અનુસંધાન પાના 11 પર

### મુર્મુ ભાજપના ઇશારે રાજકારણ રમી રહ્યા છે: મમતાનો આક્ષેપ

**ચૂંટણીના** કામોમાં વ્યસ્ત હોવાથી તમારા સ્વાગત માટે હાજર રહેવું શક્ય ન હતું

કોલકાતા, 7 માર્ચ (PTI): પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શનિવારે રાજ્યમાં આદિવાસીઓના વિકાસની ગતિ પર સવાલ ઉઠાવવા બદલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે રાષ્ટ્રપતિ પર વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપના ઈશારે રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો હતો.

મુર્મુની ઉત્તર બંગાળની મુલાકાત દરમિયાન કરેલી ટિપ્પણીઓ પર આકરી પ્રતિક્રિયા આપતા, બેનર્જીએ આરોપ લગાવ્યો કે ભાજપ રાજ્ય સરકારને બદનામ કરવા માટે રાષ્ટ્રપતિના કાર્યાલયનો ઉપયોગ

...અનુસંધાન પાના 11 પર

### બંગાળની TMC સરકારે તમામ હદો ઓળંગી દીધી: મોદી

**રાષ્ટ્રપતિનું** અપમાન કરીને મમતા સરકારે ભારતના લોકોને દુઃખ પહોંચાડ્યું છે

નવી દિલ્હી, 7 માર્ચ (PTI): પશ્ચિમ બંગાળ સરકાર પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની રાજ્યની મુલાકાત દરમિયાન તેમનું અપમાન કરવાનો આરોપ લગાવતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું કે આ શરમનાક અને અભૂતપૂર્વ છે અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) શાસને ખરેખર તમામ હદો પાર કરી દીધી છે. વડાપ્રધાનની આ પ્રતિક્રિયા ત્યારે આવી જ્યારે રાષ્ટ્રપતિ મુર્મુએ રાજ્યમાં આયોજિત સંતાલ સંમેલનના સ્થળમાં ફેરફાર અને તેમની મુલાકાત દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી તેમજ તેમના મંત્રીઓની ગેરહાજરી અંગે નારાજગી વ્યક્ત કરી હતી. મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિનું પદ રાજનીતિથી ઉપર છે અને તેની ગરિમાનું હંમેશા સન્માન થવું જોઈએ. તેમણે આશા વ્યક્ત કરી કે પશ્ચિમ બંગાળ સરકાર અને સત્તાધારી TMCમાં વધુ સારી સમજ આવશે. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ શરમનાક

...અનુસંધાન પાના 11 પર

મોંઘવારીનો ડામ: ઘરેલુ LPG સિલિન્ડરમાં 60 અને કોમર્શિયલ ગેસમાં 114.50નો વધારો

## ગેસ મોંઘો: પેટ્રોલ-ડિઝલના ભાવ હમણાં નહીં વધે

**પશ્ચિમ** એશિયાના સંકટને કારણે ઈંધણના ભાવ આસમાને; દિલ્હીમાં હવે સબસિડી વગરનો સિલિન્ડર રૂ. 913 માં મળશે

ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓએ પણ એક બાટલાના રૂ. ૬૧૩ ચુકવવા પડશે

**હોટલોમાં** વપરાતા કોમર્શિયલ સિલિન્ડર પર પણ રૂ. ૧૧૪.૫નો ભાવવધારો ઝિંકાયો

તા. ૦૭-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૦° સે. | ૧૮.૦° સે. | ૨૫% |

નવી દિલ્હી, 7 માર્ચ (PTI): તેલ કંપનીઓએ પશ્ચિમ એશિયાના સંકટને કારણે વૈશ્વિક ઉર્જા દરોમાં થયેલા ઉછાળાનો એક ભાગ ગ્રાહકો પર નાખતા, શનિવારે ઘરેલુ રાંધણ ગેસ (LPG) ની કિંમતમાં સિલિન્ડર દીઠ રૂ. 60 નો મોટો વધારો કરવામાં આવ્યો છે. એક વર્ષ કરતા પણ ઓછા સમયમાં ભાવમાં આ બીજો વધારો છે. જો કે સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે પેટ્રોલ-ડિઝલના ભાવ હાલ નહીં વધે.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOC) ની વેબસાઈટ અનુસાર, સામાન્ય પરિવારો રસોડામાં જેનો ઉપયોગ કરે છે તે સબસિડી વગરનો 14.2 કિલોનો LPG સિલિન્ડર હવે દિલ્હીમાં રૂ. 913 માં મળશે, જે અગાઉ રૂ. 853 હતો. ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ – જે 10 કરોડથી વધુ ગરીબ પરિવારોને 2016 થી મફત LPG કનેક્શન મળ્યા છે – તેમને પણ આટલો જ ભાવવધારો સહન કરવો પડશે. વર્ષમાં 12 રિફિલ સુધી મળતી રૂ. 300ની સબસિડી બાદ, તેમને હવે સિલિન્ડર દીઠ રૂ. 613 ચૂકવવા પડશે. વેબસાઈટ અનુસાર, આ ભાવ વધારો 7 માર્ચ થી અમલી બન્યો છે. છેલ્લા 11 મહિનામાં આ બીજો વધારો છે; અગાઉ ગયા વર્ષે એપ્રિલમાં ભાવમાં રૂ. 50 નો વધારો કરવામાં આવ્યો

...અનુસંધાન પાના 11 પર

### વ્યક્તિ દીઠ દિવસના માત્ર 20 પૈસાનો વધારો: સરકાર

સરકારના ઉચ્ચ સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, વૈશ્વિક ઊર્જાના ભાવમાં થયેલા વધારાને કારણે આ કિંમત વધારો જરૂરી બન્યો હતો. વધારા છતાં, વર્તમાન કિંમત 14.2 કિલોના સિલિન્ડર દીઠ 1,050 ના તે ભાવ કરતા ઓછી છે જે ખર્ચ સરભર કરવા માટે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, જો દરેક પરિવાર દીઠ વાર્ષિક સરેરાશ 4-5 સિલિન્ડરનો વપરાશ ગણવામાં આવે, તો આ વધારો ચાર સભ્યોના પરિવાર માટે દિવસના 80 પૈસા અથવા વ્યક્તિ દીઠ માત્ર 20 પૈસા જેટલો થાય છે. વધેલા ભાવો છતાં, ભારતમાં એલપીજી વિશ્વના મોટાભાગના દેશો કરતા સસ્તું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે રાંધણ ગેસની કિંમત કાઠમંડુમાં રૂ. 1,207 પ્રતિ બોટલ, શ્રીલંકામાં રૂ. 1,241 અને પાકિસ્તાનમાં રૂ. 1,046 છે. રશિયા પાસેથી LNG ખરીદવા પર વિચારણા પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને હોર્મુઝની સામુદ્રધૂનિમાં સપ્લાય ખોરવાવા છતાં, ભારત પોતાની ઊર્જા જરૂરિયાતોને લઈને મજબૂત સ્થિતિમાં છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતનો પેટ્રોલિયમ રિઝર્વ 'દિવસેને દિવસે' વધી રહ્યો છે, જે દેશને વૈશ્વિક આંચકાઓ સામે સુરક્ષા કવચ પૂરું પાડે છે. ભારત પાસે અત્યારે આશરે 250 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ પેદાશોનો ભંડાર છે, જે લગભગ 7થી 8 અઠવાડિયા (બે મહિના) સુધીની જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતો છે. રશિયા જો ઓફર કરે, તો ભારત તેની પાસેથી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ખરીદવા પર ગંભીરતાથી વિચાર કરી શકે છે.

